# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u> તા:૨૮/૧૧/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

................................,

ભાવનગર.

**રાષ્ટ્રીય કક્ષાએ રૂરલ આઈ.ટી.કવીઝમાં છેલ્લા ત્રણ વર્ષથી ભાવનગર જીલ્લાનો ડંકો.**
**દેશભરમાંથી ગ્રામ્ય વિસ્તારનાં ૧૭ લાખ વિદ્યાર્થીઓમાંથી**
**ભાવનગર જિલ્લાના વિરાજ શાહ અને કાર્તીક શાહ તૃતિય ક્રમે.**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા આ વર્ષે રાજયકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝ–૨૦૧૬ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજય કક્ષાએ કરવામાં આવેલ.

જિલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી.કવીઝ ૨૦૧૬નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૧૩ ઓગષ્ટ, ૨૦૧૬ શનિવારના રોજ મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની ૬૯ શાળાઓના ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ૬૯ ટીમોએ ભાગ લીધેલ.

આ જિલ્લા કક્ષાના ગ્રામ્ય આઈ.ટી.કવીઝ ૨૦૧૬ની વિજેતા થયેલ ૧૦ ટીમોના વિદ્યાર્થીઓ તા.૨૨/૯/૧૬ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ. રાજયકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના સમગ્ર જિલ્લાઓમાંથી વિજેતા થયેલ કુલ ૩૨૦ ટીમોના ૬૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાની શ્રી એમ. જે. સી. કે. આર. હાયર સેકન્ડરી ઈંગ્લિશ સ્કુલ, સોનગઢના વિદ્યાર્થીઓ <u>વિરાજ શાહ</u> અને <u>કાર્તીક શાહ</u> પસંદગી પામેલ. જેમણે **બેંગલોર ખાતે તા.૨૮/૧૧/૧૬ના રોજ યોજાયેલ નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી સમગ્ર ભારતભરમાં ત્રીજો ક્રમાંક મેળવેલ છે.** બન્ને વિદ્યાર્થીઓને ઇલેકટ્રોનીકસ ગેઝેટસની કીટ જેમા સેમસંગ સ્માર્ટ ફોન, પોર્ટેબલ સ્પીકર, સ્ટુડન્ટ કીટ, હેન્ડસ ફ્રી વગેરે આપવામા આવ્યા. જે બદલ ગુજકોસ્ટના સલાહકાર શ્રી ડૉ. નરોત્તમ સાહુ તેમજ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના પ્રમુખશ્રી પરેશભાઈ ત્રિવેદી, ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ તથા તેમની ટીમે શાળાના માર્ગદર્શક શિક્ષકશ્રી તેમજ બન્ને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ.

Joshi 28/11/16
(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.